સંદેશ (ગાંધીનગર), પાના નં.૦૬ તા. ૧૪.૦૯.૨૦૨૪

# PMના આગમન પૂર્વે ગાંધીનગરમાં જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા

## ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સુરક્ષાને લઈ મહાત્મા મંદિર ખાતે નિરીક્ષણ કર્યું, PMની ફુલપ્રૂફ સિક્યુરિટી કવર માટે સ્થાનિક પોલીસ સાથે સેન્ટ્રલ એજન્સી પણ જોડાઈ

ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટુંક સમયમાં જ ગાંધીનગર પધારી રહ્યા છે. બે દિવસની તેમની મુલાકાત દરમિયાન વડાપ્રધાન મહાત્મા મંદિર ખાતે ચોથી ગ્લોબલ રીઈન્વેસ્ટ રીન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ સમિટમાં ભાગ લેશે. આ ઉપરાંત તેઓ મેટ્રો રેલનું પણ ઉદઘાટન કરશે. બે દિવસના રોકાણ દરમિયાન તેમની સુરક્ષાને ધ્યાને લઈને ગાંધીનગરમાં ઝડબે સલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. આજે સેન્ટ્રની સુરક્ષા એજન્સીઓ અને સ્થાનિક પોલીસ દ્વારા મહાત્મા મંદિર, રાજભવન, મેટ્રો રેલ સ્ટેશન તેમજ ગિફ્ટસિટી જેવા કાર્યક્રમ સ્થળો ખાતે સુરક્ષાને લઈને નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું.

સ્થાનિક પોલીસની સાથે સેન્ટ્રલની એજન્સીઓએ પણ વડાપ્રધાનના ફુલપ્રુફ સિક્યુરીટી કવર માટે કવાયત હાથધરીહ તી. મહાત્મા મંદિર જાણે આજે પોલીસ છાવણીમાં ફેરવાયુ હોય તેવી સ્થિતી હતી. અહિ ખુણેખુણે કમાન્ડો અને બોમ્બ સ્ક્વોર્ડની ટીમોએ સુરક્ષા વ્યવસ્થા સંદર્ભે નિરીક્ષણ કર્યુ હતું. ઉચ્ચ અધિકારીઓનો કાફલો સતત મહાત્મા મંદિર ખાતે ઉપસ્થિત રહ્યોહ તો અને વડાપ્રધાન તેમજ બહારથી આવતા વીવીઆઈ પીઓની સુરક્ષાને લઈ રિવ્યુ કર્યુ હતું. વડાપ્રધાન રાત્રે રાજભવન ખાતે રોકાણ કરશે. સવારે તા. ૧૬ના રોજ સવારે તેઓ મહાત્મા મંદિર અને ત્યારબાદ બપોરે સેક્ટર-૧ સ્થિત મેટ્રો રેલ સ્ટેશન ખાતે જઈને મેટ્રો રેલનુ ઉદઘાટન કરશે. તેઓ મેટ્રોરેલમાં ગિફ્ટસિટી સુધી સફર કરે તેવી શક્યતા છે. જેના પગલે આ તમામ રૂટનું પણ પોલીસ અધિકારીઓ દ્વારા નિરીક્ષણ કરવામા આવ્યુ હતું. વડાપ્રધાનના ઉપરોક્ત કાર્યક્રમને પગલે વૈષ્ણોદેવીથી રાજભવન, મહાત્મા મંદિરથી રાજભવન તેમજ ઈન્દિરા બ્રીજથી રાજભવન અને ગિફ્ટસિટી સુધીના તમામ રસ્તાઓ પર જડબે સલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આ રસ્તાઓ પરના તમામ કટને બેરીકેટથી બંધ કરવામાં આવશે. એક અંદાજ પ્રમાણે આ માટે ૧૨૦૦ જેટલા બેરીકેટનો ઉપયોગ થશે. વાયબ્રન્ટ સમિટ દરમિયાન જે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી તેને સમાંતર જ આ વખતે વડાપ્રધાનની સુરક્ષાને લઈ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. એક અંદાજ પ્રમાણે વડાપ્રધાનની સુરક્ષાને લઈને ૨૦૦૦થી પણ વધુ પોલીસ કાફલો તૈનાત રહેશે. જેમાં બહારના જિલ્લાની પોલીસનો પણ સમાવેસ થાય છે.